Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-11, Issue-2(September, 2017)

IMPACT FACTOR:3.021

PP:339to345

# પ્રાચીન ભારતનું આંતરરાષ્ટ્રીય બંદર : ભરૂચ

-પ્રા. પ્રદ્યુમનસિંહ જી. મહિડા
સરકારી વિનયન કોલેજ,ઝઘડિયા જિ.ભરૂચ

## પ્રસ્તાવના:

ગુજરાતના આર્થિક ઇતિહાસમાં તેના ૧૬૦૦ કિ.મી લાંબા દરિયા કિનારાનું વિશિષ્ટ મહત્વ રહ્યું છે. વહાણવટા અને દરિયાઈ વેપારના ક્ષેત્રે સમગ્ર ભારતમાં ગુજરાત પ્રાચીન કાળથી જ મોખરે રહ્યું છે.પુરાત્તત્વીય અવશેષોની શોધખોળ, સંસ્કૃત સાહિત્ય, જૈન અને બૌદ્ધ સાહિત્ય તથા વિદેશી પ્રવાસીઓની પ્રવાસનોંધો આ બાબત અંગે પુરાવાઓ રજુ કરે છે. સિંધુ સભ્યતાના મહત્તમ સ્થળો ગુજરાતમાંથી મળી આવ્યાં છે. તે સમયનું લોથલ પ્રાચીન ભારતનું આંતરરાષ્ટ્રીય બંદર હતું. તેનો વેપાર મોસેપોટેમીયા, ઈજીપ્ત, સુમેર સાથે ચાલતો હતો. ગુજરાત સામાયિકના ઈ.સ.૨૦૧૬ દીપોત્સવી અંકમાં શ્રી એ.વી.પંડયાએ સૂચવ્યું છે કે "આસિરિયન" મહાકાવ્યમાં વર્ણવેલ 'દીનમુન'નો પ્રદેશ સૌરાષ્ટ્રનો છે[i] અને ત્યાંથી નગર સંસ્કૃતિ ઈરાકમાં પ્રવેશી અને પ્રાંગરી છે. શ્રી રત્નમણિરાવ જોટેના મત અનુસાર 'મહાભારત કાળમાં ભરૂચ અને સુર્પારક સમૃદ્ધ બંદર હોવું જોઈએ.' ઇસવીસન પૂર્વેના સાહિત્ય અને ઈ.સ.ની પાંચમી સદી સુધી ભરૂચ 'ભરૂકચ્છ' અને ત્યારબાદ 'ભૃગુકચ્છ' તરીકે ઓળખાતું હતું. આમ ભરૂચની અસલ નામ 'ભરૂકચ્છ' હતું. એ આગળ જતા 'ભૃગુકચ્છ' નામે ઓળખાયું. 'કચ્છ' એટલે ' દરિયાકાંઠાનો પ્રદેશ' એવો એક અર્થ થાય છે. ભરૂચ વલભી અને ખંભાતની માફક 'દ્રોણમુખ' છે. જે સ્થળે જળમાર્ગ અને સ્થળમાર્ગે જવાય તેને દ્રોણ (બે માર્ગનું)- મુખ કહે છે. નર્મદાના કિનારે પાઘડીપને વસેલા આ નગરને દરિયાઈ વેપાર માટે સાનુકુળતા વાતાવરણ અને ફળદ્રુપ જમીન મળી છે.

## ભરૂચનું વહાણવટા અને વેપાર વાણિજય:

ગુજરાતનું દરિયાઈ વેપારમાં એક આગવું સ્થાન રહયુ છે. લોથલ, ધોળાવીરા, દ્વારકા, પોરબંદર, પ્રભાસપાટણ, સોમનાથ, ઘોઘા, ખંભાત, ભરૂચ,વલભી પ્રાચીન ગુજરાતના અગ્રણી બંદરો હતાં.જે ગુજરાતના આંતરરાષ્ટ્રીય વ્યાપારિક સંબંધોના પ્રતીક સમાન હતાં. ભરૂચ પણ પ્રાચીન કાળથી ભારતનાં દરિયાઈ વેપારનું

ઓજસ્વી પ્રકરણ રહ્યું છે, ડૉ. મકરંદ મહેતાના શબ્દોમાં કહીયે તો "ભરૂચ બંદર ગુજરાતની દરિયાઈ અસ્મિતાનું ભવ્ય પ્રતિક છે." અમરકંટકથી નીકળેલી નર્મદા નદી  ખંભાતના અખાતને મળે છે. નદીનું સમુદ્ર સાથે સંગમ થયું એટલે એ તીર્થ થયું. મહાનદીના સંગમ સ્થળ નજીક વેપારનું કેન્દ્ર હોય તો વેપારનું અનુકુળ બંદર થાય. આ વિચારોથી પ્રેરણાથી  સમુદ્ર સંગમ અને નદીના મુખ પાસે એક બંદર વિકસ્યું તે ભરૂચ." પ્રાચીન સમયમાં ભરૂચ હિંદનું બારું ગણાતું.

'ભાંગ્યું તો યે ભરૂચ'ની ભરૂચની લોકક્તિને સાર્થક કરતું ભરૂચ અવશેષો અને સાહિત્યમાં વિભિન્ન નામે ઓળખાયું છે. જેમકે ભૃગુકચ્છ, ભૃકચ્છ, ભીતપુર, ભૃગુતીર્થ, ભૃગુપુર, ભૃગુક્ષેત્ર, ભરૂકચ્છ, ભડોચ, અલબરૂસ, બરૂજ, બ્રોચ(broach), ભરૂચ તરીકે ઓળખાયું છે. નર્મદા પુરાણનાં રેવાખંડ અનુસાર ભૃગુઋષિએ કુર્મની(ભરૂચનો ભૂમિ પ્રદેશ કાચબાની પીઠ જેવો હોય) પીઠ પર વસાવેલું નગર હોવાથી ભૃગુકચ્છ કહેવાયું. ઈ.સ.૬૨૯માં ભારત આવેલ  ચીની પ્રવાસી હ્યું-એન-ત્સાંગ પોતાની પ્રવાસ નોંધમાં ભરૂચનો પો-લુ-કે-ચી-પો (PO-LU-KA-CHE-PO) તરીકે ઉલ્લેખ કરે છે.તેણે પોતાની પ્રવાસ નોંધમાં નોંધ્યું છે કે ભરૂચની સમૃદ્ધિનો આધાર એના દરિયાઈ વેપાર પર રહેલો છે. ગ્રીક પ્રવાસી ટોલેમી અને પેરિપ્લસના કર્તાઓના લખાણમાં ભરૂચનો બારૂગામી, બારીગાઝા કે બારગોસા નામથી ઉલ્લેખ છે.

ભરૂચ બંદરના અંગેના આધારો પુરાવસ્તુકીય અવશેષો ઉપરાંત સાહિત્યિક,સાંસ્કૃતિક ઐતિહાસિક સાધનોમાંથી પ્રાપ્ત થાય છે. પુરાતત્વવિદ એસ.આર.રાવ દ્વારા ભરૂચની આજુબાજુમાં અને કીમ નદીની નજીકમાં કરાયેલા ખોદકામમાં 'ભાગાત્રવ' બંદર અને અંકલેશ્વરના 'મહેગામ' બંદરના અવશેષ મળી આવ્યાં છે.આ બંને બંદરની જળસમાધી પછી ભરૂચની વધુ ખીલવણી થઈ હશે. આમ ભરૂચ બંદરનો ઈતિહાસ ૪૦૦૦ વર્ષથી વધુ પુરાણો છે.

મેસીડોનિયાના સિકંદરની સાથે ભારત આવેલો તેનો સેનાપતિ નીયરકસે સિંધુથી બેબીલોન જવા માટે મોટો નૌકાકાફ્લોની જમાવટ કરી હતી. સ્ટ્રેબોના મતે આ સંખ્યા ૨૦૦૦ જેટલી હતી. ભારતમાં જ બંધાયેલા આ વાહણોમાં ઘોડાઓ, લુંટનો માલ વગેરે લઈ જવાતો હતો.આ ગ્રીક નિયરકસને પ્રતિકુળ મોસમી પવનની માહિતી આપનાર ભારતીય ખલાસી ભરૂચનો નાવિક હતો. તે સમયે દક્ષિણ ગુજરાતનાં ભૃગુકચ્છ એટલે કે ભરૂચમાં વહાણ બંધાતા હોવાની શકયતા રહેલી છે. ભરૂચથી સીધા દરિયાઈ માર્ગે ટાઈગ્રીસ ઉપર આવેલું સેલ્યુસિયા નગર અને બેબીલોન જોડાયા હતાં. આ શહેરો વેપારના મુખ્ય કેન્દ્રો હતાં. અશોકના સમયમાં પશ્ચિમ એશિયાના રાજયો સાથેના સાંસ્કૃતિક અને આર્થિક વેપારી સબંધો વિકસિત થયાં હતાં.

ભારતીય ઇતિહાસના ઐતિહાસિક કાળ મૌર્ય યુગથી જ ભરૂચના વહાણવટાનાં સાહિત્યિક ઉલ્લેખો જોવા મળે છે. આથી કહી શકાય કે મૌર્યયુગ દરમિયાન ભરૂચ બંદરનો ઉદય થયો હશે. પ્રથમ સદીમાં સૌરાષ્ટ્રની સાથે ભરૂચ પણ મૌર્યોના તાબામાં હોવું જોઈએ. અશોકના સામ્રાજ્યમાં ભરૂચનો-લાટનો સમાવેશ હતો એ નિ:સંદેહ છે. આ સમયે મજબુત કેન્દ્રીય સત્તા તેમજ સુવ્યવસ્થિત વહીવટી તંત્રને લીધે ભરૂચ અને સોપારા બંદરો ભૂમિમાર્ગે એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હતાં. સુશાસન,શાંતિ,સલામતીના કારણે કૃષિ વિકાસ સાથે વેપાર વાણિજયનો પણ વિકાસ થયો અને દરિયાઈ વેપારમાં વૃદ્ધિ થઇ હતી. અને આ સમયે ભરૂચ દુર દુરના દેશોમાં ખ્યાતનામ થયું હતું.

બૌદ્ધ અને જૈન ધર્મના સાહિત્યમાં પણ ભરૂકચ્છ બંદર અને તેના વહાણવટાનાં ઉલ્લેખ ‘ભરૂકચ્છ’ તરીકે જોવા મળે છે. જૈન અનુશ્રુતિ અનુસાર વીસમા તીર્થંકર મુનિ સુવ્રતસ્વામી અશ્વને પ્રતિબોધ કરવા પ્રતિષ્ઠાનપુરથી વિહાર કરતા ભરૂકચ્છ આવ્યા હતાં. અને ત્યાં ચૈત્ય અને અશાશ્વબોધ બંધાવ્યો હતા.વિવિધ તિર્થકલ્પ નામના જૈન ગ્રંથ અનુસાર સિંહલની(શ્રીલંકા) રાજકુમારી સુદર્શનાએ ભરૂકચ્છમાં મૌર્ય સમ્રાટ સંપ્રતિના સમયમાં (ઈ.સ.પૂ.૨૨૪ થી ઈ.સ.પૂ.૨૧૫) ‘શકુનિકાવિહાર’ બંધાવ્યો હતો. જે સિલોન અને ભરૂકચ્છ વચ્ચેના સબંધો સૂચવે છે. આ જ કથામાં ભરૂકચ્છના વેપારી ધનેશ્વર અને તેના ૭૦૦ વહાણોનો ઉલ્લેખ આવે છે.સંપ્રતિના અવસાન બાદ નબળી પડેલી મૌર્ય સત્તાનો લાભ લઈ વિદેશી ગ્રીકોનું શાસન ભરૂચમાં સ્થાપ્યું. ભરૂચમાં ઇન્ડો-ગ્રીક શાસક મીનેન્ડર અને એપોલોડોટસનાં સિક્કા પ્રચલિત હતાં. આ ઉપરથી કહી શકાય કે ગ્રીકો વેપાર અર્થે ભરૂચમાં વસતા હશે. અને તે સમયની સાહિત્યિક કૃતિ મિલિન્દ પહનો અનુસાર ભરૂચથી પરદેશ જતાં વહાણો ચલાવવા નાખુદાઓને (captan) ભરૂચ માંથી નોકરીએ લેતા.

ગુજરાતના અને તેમાં પણ ખાસ કરીને ભરૂચના વેપાર અને દરિયાઈ વેપાર સબંધી વિગતો બૌદ્ધ ધર્મના ‘સુપ્પારક જાતક’, ‘બાવેરું જાતક’ અને ‘સુસ્સોંદી જાતક’ માંથી મળી આવે છે. આ જાતક કથાઓનો સમય બ્યુલરનાં મતે ઈ.સ.પૂ.૫૦૦ થી ઈ.સ.૫૦૦ સુધીનો છે. આ જાતક કથાઓમાં ભૃગુકચ્છનો બંદર અને વેપાર વાણિજયના મહત્વના સ્થળ તરીકે ઉલ્લેખ આવે છે.

ભરૂચ તામ્રલિપ્તી, વલભી અને ખંભાતની માફક દ્રોણમુખ છે. કે જે જમીનમાર્ગે અને જળમાર્ગ સાથે જોડાયલું છે. સુપ્પારક જાતકમાં જણાવ્યા પ્રમાણે *“भरुकुच्छा पयातानं वणि जानं धने सिनम नावाच विषय त्थाय.”* બોધિસત્વ ભરૂકચ્છનાં ઉત્તમ નાવિક હતાં. સુપ્પારક જાતક અનુસાર ભૃગુકચ્છ અને સુર્પારક (સોપારા, મહારાષ્ટ્ર) વચ્ચેનું અંતર એક રાત્રીમાં કાપી શકાય તેટલું હતું. સુપ્પારક જાતકમાં સુપ્પારક કુમારની વહાણવટાની નિપુણતા દર્શાવામાં આવી છે. સુપ્પારક કુમાર સોળ વર્ષની વયે વહાણવટાનો નિષ્ણાંત બન્યો

હતો. તે સુર્પારકના રાજાના ત્રાસથી ભરૂકચ્છ આવી ત્યાંના વેપારીઓના વહાણનો સાયાંત્રિક બન્યો હતો.અને ભ્રમરવાળા દરિયામાં ફસાયેલા વહાણોને બચાવી ભૃગુકચ્છ લઇ આવ્યો હતો

સુસ્સોંદી જાતકમાં જણાવ્યા અનુસાર *" तदाय भरुकुच्छ वणिजा नावाय सुवर्ण भूमि गच्छति "* સુવર્ણભૂમિ (બ્રહ્મદેશ) અને ભરૂકચ્છ વચ્ચે નિયમિત વેપાર ચાલતો હતો. ભરૂકચ્છનાં કેટલાક વેપારીઓ વેપાર અર્થે સુવર્ણભૂમિ ગયા હતાં. કુલશ્રેષ્ઠી જાતક અનુસાર રાજસ્થાનમાંથી પસાર થતાં અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલા માર્ગો દ્વારા ભરૂચનો વેપાર કાશી સાથે જોડાયલો હતો. અપાદન, મહાનિદેસ્સ અને મનોરથપુર્ણીમાં જણાવ્યાં પ્રમાણે ભરૂકચ્છનો સુવર્ણભૂમિ સાથે મોટો વેપાર ચાલતો હતો. જયારે બાવેરૂ જાતક પ્રમાણે ભરૂકચ્છથી કપાસ અને મોરની બેબીલોનમાં નિકાસ થતી હતી. *' Choronolagy of Gujarat'* ના લેખકનાં મતે જાતક કથાઓ અને બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં ગુજરાતના વેપાર અને વહાણવટાને લગતા ઉલ્લેખો ખાસ કરીને ભરૂકચ્છ,સુર્પારક અને બેબીલોનને લગતા છે. આ ઉપરાંત વિનય પિટ્ટકમાં અને સમાંતા પસાદિકા પણ ભરૂકચ્છનો દરિયાઈ વેપારના મહત્વના કેન્દ્ર તરીકે ઉલ્લેખ કરે છે.

ઇસવિસનની શરૂઆતમાં તો લગભગ આખા હિન્દુસ્તાનનો વેપાર ભરૂચે એકહાથે કર્યો હતો. આ સમયે ભરૂચ જમીન માર્ગે ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતના અગ્રણી નગરો સાથે વેપારથી જોડાયલું હતું. આ સમયે ગ્રીસ સાથે દરિયાઈ વેપારથી ભરૂચ જોડાયલું હતું. ગ્રીક લેખકો ભરૂચને 'બારીગાઝા' (BARIGAZA) તરીકે સંબોધે છે. ક્લોડીયસ ટોલેમી પણ પોતાની ભૂગોળમાં મહાબંદર તરીકે બારીગાઝાનો ઉલ્લેખ કરે છે. જયારે ગ્રીકનો અજ્ઞાત પ્રવાસી પોતાની નોંધ 'The Periplus Of The Erythrean Sea' ( હિંદ મહાસાગરનો ભોમિયો )માં ભરૂચને આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વર્ણવે છે.પેરીપ્લસ ભરૂચને 'બારીગાઝા' તો નર્મદાને 'નમ્મદુસ' અને ત્યાંના શાસક તરીકે 'નામ્બનુસ' એટલે કે ક્ષત્રપ રાજવી નહપાનનો ઉલ્લેખ કરે છે. પેરિપ્લસે ઈજીપ્તથી ભારત સુધીના દરિયાઈ માર્ગનું વિશદ અને વિસ્તૃત વર્ણન કર્યું છે. તેણે પ્રવાસની શરૂઆત ઈજીપ્તના ' મુસેલ હારબર' (મ્યોસ હોરમોસ) થી શરૂ કરી લાલ સમુદ્ર થઈ અરબ ખાડી, ઓમાનની ખાડી અને ફારસ ખાડીના દરિયાઈ માર્ગે અરબ સાગરમાં પ્રવેશે છે. નાઈલ નદીની દક્ષિણે આવેલા 'તબાઈ અને ઓપોન' નામના બજારો માટે બારીગાઝા (ભરૂચ) થી માલ ભરીને નિયમિત આવતા વહાણોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં ઘઉં, ચોખા, ઘી, તલ,તેલ,સુતારવ કાપડ, શર્કરા (ખાંડ) વગેરેની ભરૂચથી આયાત થતી હોવાનું કહે છે. અરબની ખાડીમાં આવેલા 'યુડેમા અરેબિયા' (આધુનિક અદન) નામના પાણીથી ભરપુર બંદરને મિસર અને ભારત વચ્ચે ચાલતા વેપારી માલની અદલાબદલીના

સ્થળ તરીકે ઓળખાવે છે. જયારે 'ડાયાસકોરિહા' (આધુનિક સોકોટ્રો) નામના દ્વિપની ચર્ચા કરતા કહે છે કે અહીના બધા વેપારીઓ વિદેશી છે. જેમાં ભરૂચના વેપારીઓ પણ હોવાનું ખે છે. તેઓ ત્યાં માત્ર વેપાર માટે જ વસવાટ કર્યો હોવાનું વર્ણવે છે.ઓમાનની ખાડીમાં આવેલા મોખા બંદરને બારીગાઝા અને ડ્મિરિકા (દ્રવિડ દેશ)ના વેપારીઓ માટે ચોમાસાની ઋતુમાં વિશ્રાંતિ માટેનું સ્થળ ગણે છે. બારીગાઝાના વેપારીઓ અહીંથી સુગંધી દ્રવ્ય લોબાન ખરીદતા અને તેના બદલામાં મોખાના વેપારીઓને કાપડ, ઘઉં અને તલનું તેલ  વેચતા હોવાનું વર્ણવે છે. આ બંદરની વિશેષતા એ હતી કે અહીં સંગ્રહ કરી રાખેલો માલ કયારેય ચોરી થતો નહી હોવાનું લખે છે. ત્યાંથી આગળ ફારસની ખાડીમાં આવેલા ઓમ્મના નામના ઈરાની દરિયાઈ નગરનું વર્ણન કરતાં લખે છે કે અહીં બારીગાઝાથી તાંબુ,ચંદનના લાકડા, શીશમ, સાગનું લાકડું અને કાપડ વિશાળ જહાજોમાં આયાત થતું અને અહીં થી બારીગાઝા મોતી, ફેશનેબલ કપડા, દારૂ, ખજુર અને ગુલામો મોકલવામાં આવતાં.

પરિપ્લસ બારીગાઝામાં પ્રવેશવા અતિ કઠીન અને ભેખડોવાળા મુશ્કેલ નદીના માર્ગમાંથી પસાર થવાનું હોય નદીના મુખથી 'ત્રપઝ્ઝા' અને 'કોટીંબા' નામની હોડીમાં બેઠેલા ત્યાંનાં રાજાએ નિયુક્ત કરેલા ભોમિયા વહાણોને દોરવાનું કામ કરતાં હોવાનું વર્ણન કરે છે.તેમજ ઉજ્જૈનથી અને દક્ષિણ હિંદનો કેટલોક માલ નિકાસ માટે બારીગાઝા આવ્યાનું પેરીપ્લસ નોંધે છે.આ ઉપરથી કહી શકાય કે પ્રાચીન ભારતનાં આંતરરાષ્ટ્રીય બંદર તરીકે ભરૂચ પ્રખ્યાત હતું.

ઇસવિસનની શરૂઆતમાં ગ્રીક લેખકો ભરૂચનો દરિયાપારના દેશો સાથેનો વેપાર આ પ્રમાણે ગણાવે છે. ઈજીપ્ત, અરબસ્તાન અને ઈરાની અખાતના બંદરોએ અને હિંદ મહાસાગરમાં ભરૂચના વહાણો ધુમતાં હતાં. મિસર અને અરબસ્તાનથી સોનું, રૂપું, પિત્તળ,કલાઈ, સીસું, પારો,સુરમો,કાચ,પોખરાજ,પરવાળા,દારૂ,કાપડ,દુપટ્ટા આવતાં હતા. જયારે મિસર અને અરબસ્તાનમાં ભરૂચથી ચોખા,બિયાં,તેલ,રૂ, ખાંડ,મલમલ,ઊંચી જાતની કાપડ નિકાસ થતું હતું. ઈરાની અખાતનાં બંદરોથી ગુલામો, સ્ત્રી, સોનું, મોતી, ખજુર, દારૂ અને કાપડ વગેરે આયાત થતાં. જયારે ભરૂચથી ઈરાની અખાતનાં બંદરોએ પિત્તળ, શિંગડાં, સુખડ અને બીજા લાકડાની નિકાસ થતી. આફ્રિકાથી ભરૂચમાં સોનું,સીલોન અને મલબારથી તેજાના આવતાં.રોમન સામ્રાજયની જાહોજલાલી વધતાં મોજ શોખની ચીજ વસ્તુની માંગ પણ વધી હતી અને ભરૂચના વેપારીઓએ આ તક ઝડપી લીધી હતી.આરબો આ વેપારમાં આગવું વર્ચસ્વ ધરાવતા હતા.પરંતુ સ્પર્ધા વધતાં રોમન સામ્રાજયનાં વેપારીઓએ અને ભરૂચના વેપારીઓએ સીધો વેપાર શરૂ કર્યો હશે. ભરૂચથી નિકાસ થયેલો માલ ઈજીપ્ત,ગ્રીસ અને રોમમાં જોશપૂર્વક ઠલવાયો કે જેથી રોમન સામ્રાજયમાંથી ભરૂચ મારફત ભારતમાં સોના ચાંદીના સિક્કાઓના ઢગલા થવા

લાગ્યાં. રોમન સામ્રાજય પાસે નિકાસ કરવા યોગ્ય કશું ન હતું. ત્યાંથી સોનું, ચાંદી અને ગૌર વર્ણની કન્યાઓ રાજા મહારાજાઓની સેવામાં આવવા લાગી. ગુપ્ત યુગ દરમિયાન ભરૂચ ભારતના મહત્વના નગરો અને પ્રદેશો સાથે વેપાર વાણિજ્યથી જોડ્યાલું હતું. ઉજ્જૈન, પાટલીપુત્ર જેવા નગરો સાથે વેપાર વાણિજયના સબંધથી જોડાયલું હતું.

મૈત્રક અને અનુમૈત્રક કાળમાં પણ ભરૂચની આંતરરાષ્ટ્રીય બંદર તરીકેનો વ્યાપાર અકબંધ રહ્યો. આ સમય દરમિયાન મૈત્રક રાજવીઓ, દખ્ખણના રાષ્ટ્રકૂટો, ચૌલુક્ય, નાંદીપુરના ગુર્જરનૃપતિઓ, ચાહમાન રાજવીઓ વચ્ચે ભરૂચને મેળવવા સંઘર્ષ થતો.આ સમયે ભારતની મુલાકાતે આવેલા ચીની મુસાફર હ્યુ- એન-ત્સાંગે પણ ભરૂચના સમૃદ્ધ બંદરનું વર્ણન કર્યું છે. અને ભરૂચના વેપારનો આધાર તેના દરિયાઈ વેપારને ગણાવ્યો છે. ભરૂચના કાપડના આરબ વેપારીઓએ ખુબ વખાણ કર્યા છે. આરબ વેપારી સુલેમાન સોદાગરે ભરૂચના બારીક કાપડ અને મલમલના ખુબ વખાણ કર્યા છે. મધ્યકાળ દરમિયાન પણ ભરૂચનો દરિયાઈ વેપાર અકબંધ રહ્યો અને ભરૂચની એક વેપારી મથક તરીકે જાહોજલાલીની મહત્તા પણ જળવાયલી રહી હતી.

## સમાપન :

ઉપરોક્ત હકીકતને લક્ષમાં લેતાં એમ કહી શકાય કે પ્રાચીન સમયમાં ઈ.સ. પૂર્વેથી ભરૂચ પ્રાચીન ભારતના આંતરરાષ્ટ્રીય બંદર તરીકે વિખ્યાત હતું. મિસર,રોમ,ગ્રીસ,બેબીલોન સાથેના તેના દરિયાઈ વેપારના સબંધો અંગે જે તે સમયના દસ્તાવેજો માહિતી આપે છે. ચીનથી શરૂ થયેલો સિલ્કરૂટે ભરૂચના વેપારીઓને દુરસુદુર સુધી વેપાર કરવા આકર્ષિત કર્યા. હેપ્પીલેસે શોધેલા દરિયાઈ વ્યાપારી પવનોએ ભરૂચના વેપારને આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી બનાવ્યું. ઇસુની સાતમી સદી પછી ભરૂચનું બંદર ક્ષીણ થવા માંડ્યું હતું.

## સંદર્ભસૂચિ:

### ગુજરાતી સ્રોત

(૧) પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ (સંપા), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૧ થી ૪ (અમદાવાદ,૧૯૭૨-૧૯૭૯,દ્વિતિય સંકરણ અમદાવાદ,૨૦૦૫)

(૨) રાજગોર શિવપ્રસાદ, ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ, અમદાવાદ,૧૯૭૬

(૩) જોટે રત્નમણીરાવ ભીમરાવ, ગુજરાતનું વહાણવટુ,અમદાવાદ,૧૯૩૫

(૪) સાંડેસરા ભોગીલાલ, જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, અમદાવાદ,૧૯૫૨

(૫) દેસાઈ ગણપતરામ હિંમતરામ, ભરૂચ શહેરનો ઇતિહાસ,૧૯૧૪

(૬) મહેતા મકરન્દ, ગુજરાત અને દરિયો, દર્શક ઇતિહાસ નિધિ, વડોદરા, ૨૦૧૨

(૭) પ્રશાંત અને અન્ય, ભાંગ્યું તો યે ભરૂચ,' ભરૂચ,૧૯૭૦

લેખો:

(૧) પંડયા અમૃતલાલ, નદિવેરણ્યા નર્મદા, કુમાર સામાયિક,અંક-૨૬૬ વર્ષ-૧૯૪૬

(૨) ભગવતી શ્યામલાલ હ (અનુ.), પ્રો.ક્રીશ્ચીયન લોસેનનો પ્રાચીન હિંદનો વાણિજયનો ઇતિહાસ,

**કુમાર સમાયિક, અંક-૪, વર્ષ- ૧૯૮૨**

**हिन्दी:**

(१) पाठक विशुद्धानन्द, प्राचीन भारतीय आर्थिक इतिहास, लखनौ,२००४

## **English**:

(1) Altekar A.S., A History Of Important Ancient Towns And Cities In Gujarat And Kathiawad, Bombay,1926

(2) Mehta makrand, ' Indian merchants and enterpreneursin historical perspective.' delhi, 1991

(3) Schoff Wilfred H, The Periplus Of The Erythraean Sea, Calcutta,1912

(4) Chakraborti Haripada, ' Trade And Commerce Of Anciant India' , Calcutta-1960

(5) Gazetteer Of The Bombay Presidency- Gujarat Surat And Broach,Bombay,1877